

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ઉઠી પરાણે પરોઢનું આળશ ખંખેરી નાખું !*
*કૈં જ કર્યા વિના કલાકો ને ખોટું કરડી નાખું !*
*ભરડે લઈ ફૂરસદ ને ભરડી નાખું પ્રવૃત્તિ -*
*રાત પડે માંડ, દિવસની ડોક મરડી નાખું !!*
*(હાય! નિષ્ક્રિયતા !)*

### હાઈકુ

*આ મોબાઈલ -*
*માખી મારનારાને*
*મળી પ્રવૃત્તિ...*

*પરીક્ષા પછી,*
*કે હેપ્પી બર્થ ડે પાર્ટી -*
*પવિત્ર બ્હાનું...*

### ચિંતન

*અવિનીત સ્વામિલાભઃ શ્રેયાન્ ।*

**ઉપરોક્ત સૂત્ર ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**અવિનયી રાજા કરતાં શાસક વિહીન રાજય વધુ બહેતર છે.**

**અવિનયી એટલે કે નીતિહીન, સત્યહીન, ઉદ્ધત, અન્યાયી, અત્યાચારી, સ્વાર્થી રાજાને કારણે પ્રજા દુઃખી દુઃખી બની જાય છે. આવા સંજોગોમાં પ્રજાએ પોતે પસંદ કરેલા પ્રામાણિક અને યોગ્ય પ્રતિનિધિઓ દ્વારા શાસનભાર સંભાળી લેવો જોઈએ.**

**રાજા ખૂદ અભિમાની, મદિલો, ક્રોધી કપટી, જુઠ્ઠો હોય તો અંતે તો એની પ્રજાને જ સહન કરવું પડે છે આવા રાજા કરતાં તો રાજા ન હોય તો સારું !**

**પ્રજાના પ્રમાણિક નિષ્ઠાવાન પ્રતિનિધિઓ જ રાજય શાસન ચલાવે તો લોકશાહી સફળ થાય.**

### સુવિચાર

- પરમાત્માનો વિશ્વાસ એ મારું કવચ છે - **ઋગ્વેદ**
- ધીરજ અને ઉત્સાહ મળીને કર્મયોગ બને - **વિનોબા**
- પેટનો પૂજારી ભગવાનની ભક્તિ ના કરી શકે - **પૂજ્ય મોટા**
- ઉદ્ધાર એ જ કતરી શકે જે ઉદ્ધાર ના અભિયાનને હૃદયમાં જાગવા ન દે - **સંત વર્ગીસ**
- પહેલા તમારી પોતાની પરીક્ષા કરો, પછી ઈશ્વરને પોકારો, કારણ કે ઈશ્વર સાચા ઉદ્યમીને જ સહાય કરે છે - **એમર્સન**
- અઢાર પુરાણોમાં વેદવ્યાસ માત્ર બે જ વાતો કરી છે : પરોપકાર કરવાથી પુણ્ય થાય છે, પરપીડાથી પાપ થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દેહનો નાશ તે પ્રાકૃતિક મૃત્યુ, પણ દેહભાવનો નાશ તે મંગલ મૃત્યુ - **ઓશો**
- આજનું ઔષધ : દૂધેલી ચૂર્ણ ૨ ગ્રામ, પાંચ તુલસીના પાન, પાંચ મરીના દાણા સાથે વાટી પાણી સાથે લેવાથી તાવ ઉતરે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

તંદુરસ્તી અને પ્રસન્નતા માટે શારીરિક શ્રમ પણ જરૂરી છે.

લાઓત્સેના વિદ્વાન શિષ્ય ચાંગ હો હતા. જેઓ હોંશિયાર અને દૂરંદેશી હતા. એકવાર પ્રવાસમાં તેઓ નાના ગામના પાંદરે પહોંચ્યા. એમણે જોયું કે એક સુંદર લીલા ખેતરમાં એક ખેડૂત ખૂબ મહેનત કરી પાણી કાઢતો હતો.

સખત મહેનત કરવાને કારણે તે પરસેવે રેબઝેબ હતો તથા હાંફી પણ રહ્યો હતો. આમ છતાં એના ચહેરા પરથી લાગતું હતું કે તે ખૂબ ખુશ હતો. ચાંગ હો તે ખેડૂત પાસે ગયો. ચાંગ હોએ તેની બુદ્ધિ વાપરી પેલા ખેડૂતને પાણી કાઢવા માટેનું સરળ સાધન બનાવી આપ્યું જેના ઉપયોગથી તે કુવામાંથી પાણી ઉલેચી શકે અને એવી માટીની નીક બનાવી આપી જેથી એમાં પાણી વહીને સરળતાથી દરેક કયારામાં પહોંચી જાય.

ખેડૂતની મહેનત ઓછી થાય અને એનું જીવન સારું થાય એવી શુભેચ્છા વ્યક્ત કરી ચાંગ હો ત્યાંથી નીકળી ગયો. બે વર્ષ પછી ફરી ચાંગ હો એ ગામના પાદરે આવ્યો અને જોયું તો ખેડૂત સાવ માંદો પડ્યો હતો અને તેનું ખેતર પણ ઉજ્જડ બની ગયું હતું. ચાંગ હો એ પૂછ્યું 'મેં તમને સમય અને મહેનતની બચતની રીત શીખવાડી હતી તો પછી તમારી આવી હાલત કેમ થઈ ગઈ?' ખેડૂતની પત્નિએ જવાબ આપતા કહ્યું, 'તમારી બતાવેલી તરકીબથી તે મહેનતથી વિમુખ થઈ ગયો અને શ્રમ ઓછો થતાં તે આવસથી ઘેરાઈ ગયો. હવે નવરા બેઠા બેઠા નકામી વાતો વિચારે છે અને વ્યસન કરે છે અને બીમાર રહે છે.'

# બે મહારથીઓની વિદાય

**તંત્રીસ્થાનેથી...**

ચૂંટણી-ચૂંટણીના ચકરાવામાં બે ઉમદા મહાનુભાવોની અંતિમ વિદાયની નોંધ પણ સરખી રીતે ન લેવાઈ તે આપણા જાહેર જીવન અને સંસ્કાર જગતની કમનસીબી જ લેખાશે. આડા દિવસોમાં આ બેઉ મહાનુભાવો વિશે વિગતે ચર્ચા થઈ હોત, પરંતુ મીડિયા માટે વર્તમાન ક્ષણનો જ મહિમા રહેતો હોઈ આવી ક્ષતિ રહી જવી સ્વાભાવિક છે. કોંગ્રેસના અઠંગ અને આજીવન કાર્યકર્તા ઈરશાદ બેગ મિરઝા સાબરકાંઠાની યુવક કોંગ્રેસના નેતાથી લઈ એઆઈસીસીના મંત્રી સુધીની મજલ કાપ્યા પછી એમની પ્રખર પ્રતિભા છતાં એક યા બીજા કારણસર ઉપેક્ષિત રહ્યા. મોડાસાના પ્રતિષ્ઠિત જમીનદાર પરિવારનું ફરજંદ અને વ્યવસાયે વકીલ એવા ઈરશાદભાઈ દેખાવમાં કામદેવ જેવા રૂપાળા હતા અને વાણીનું વરદાન પામેલા નીવડેલા વક્તા હતા. એમણે કયારેક મોડાસા મત વિસ્તારમાંથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણીમાં પણ ઝુકાવ્યું હતું પરંતુ અપક્ષ ઉમેદવાર તરીકે સામે પડેલાં અઠંગ કોંગ્રેસી આગેવાન અંબાલાલ ઉપાધ્યાય સામે ટકી શક્યા નહોતા. ભલે થોડા વખત પૂરતી છતાં રાજયસભાના સદસ્યની એમની ભૂમિકા પણ યાદગાર રહી હતી અને એ પછી તો એમનું કાર્યક્ષેત્ર કેવળ ગુજરાત ન રહેતાં રાષ્ટ્રીય ફલક પર વિસ્તર્યું હતું. ગુજરાતમાંથી સૌથી લાંબા સમયગાળા માટે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના સંગઠનમાં અહમદભાઈ પટેલ અને ઈરશાદ બેગ મિરઝા હોદ્દેદાર તરીકે ફરજ બજાવતા બીજા અનેકને જિતાડ્યા. એમણે દેશનાં અનેક રાજયોમાં કોંગ્રેસના રાષ્ટ્રીય સ્તરના આગેવાન તરીકે પ્રચારતંત્ર ગોઠવી મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું હતું. કર્ણાટકમાં એમણે ઈન્ચાર્જ સેક્રેટરી તરીકે કરેલી કામગીરીથી ખુદ સોનિયા ગાંધી પ્રભાવિત હતા. ઈરશાદ મિરઝા પ્રાંજલ-હિંદી-ઉર્દૂમાં પ્રવચન કરતાં વચ્ચે વચ્ચે ગીતાના અને ઉપનિષદના શ્લોકો ટાંકી મેદનીને પ્રભાવિત કરતા ત્યારે દેશની ગંગાજમની તહેજીબનું અદ્ભૂત વાતાવરણ ખડું થઈ જતું. મોડાસા પંથક માટે ઈરશાદ મિરઝાની વિદાય એ કયારેય ન પુરા એવી ખોટ છે. લઘુમતી સમાજમાંથી દેશને મળેલા પ્રભાવશાળી નેતાઓમાં પણ એમની નોંદ લેવાતી રહેશે. એ જ અરસામાં નાટ્યજગતના મહારથી નિમેષ દેસાઈનું પણ પ્રમાણમાં ઓછી વયે અવસાન થયું તે ગુજરાતના સંસ્કાર જગતને પડેલો જનોઈવઢ ઘા જ ગણાશે. નિમેષ દેસાઈએ ગુજરાતી નાટકને નવી જ ઊંચાઈ પર મૂકી આપ્યું છે. ધંધાદારી રંગભૂમિની સામે સાહિત્યિક નાટકોનું પણ સફળતાપૂર્વક મંચન કરનારા અભિનેતા-દિગ્દર્શક અને પ્રોડ્યુસર તરીકે નિમેષ દેસાઈ લાંબો વખત યાદ રહેશે. તેઓ શ્રેષ્ઠ નાટ્યસર્જક ઉપરાંત ઉત્તમ ગાયક પણ હતા. જૂની રંગભૂમિનાં કલાસિક ગીતો ગાતા ત્યારે સમય પણ થંભી જતો હોય એવો માહોલ સરજાતો. ચિનુ મોદીની કૃતિઓ વિશેના ઊંડા અભ્યાસી એવા નિમેષ દેસાઈએ એ મહાન સર્જકની વિદાયને એમનાં કાવ્યોની અદ્ભૂત રજૂઆત કરી આપેલી શ્રદ્ધાંજલિ બેનમૂન હતી. નિમેષ દેસાઈની વિદાયથી ગુજરાતનું સંસ્કારજગત રાંક બન્યું છે. શારીરિક પીડાને અવગણીને એમણે સતત સક્રિય રહેવાનો વિકલ્પ સ્વીકાર્યો હતો, તે એક કલાકાર માટે સામે મોત ઝળૂંબતું હોવા છતાં કલાની આરાધના કેટલી મહત્ત્વની હોય છે, એનું દૃષ્ટાંત બની રહ્યું. આપણે જાહેરજીવનના અને સંસ્કાર જગતના આ બેુ દિવંગત મહાનુભાવોના પ્રદાન બદલ એમના ચિર ઋણી રહીશું.

# દર્દીની મુંઝવણ




**તન દુરસ્તી**

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

ઘણી વખત એવા સવાલ થાય છે કે..., ડૉક્ટર અને જુદી જુદી બ્રાન્ચના ડૉક્ટર પહેલા આવે જનરલ પ્રેક્ટીશનર (એમ.બી.બી.એસ.), બેચરલ ઓફ મેડીસીન અને બેચરલ ઓફ સર્જરી એટલે કે ગુજરાતીમાં કહેવું હોય તો બધી દવા આપી શકે અને બધા ઓપરેશન કરી શકે. એનાથી આગળ જઈને એમ.ડી. (માસ્ટર ઓફ મેડીસીન) જે ડૉક્ટરો દર્દીને તપાસે છે બરાબર દવા આપે છે. નિદાન કરે છે અને જરૂર પડે તો દાખલ પણ કરે છે. એટલે કે દર્દીને દાખલ કરી દવા ગોળી આપનારા ડૉક્ટર એમ.બી.બી.એસ. કરતા વધારે ભણેતા હોય છે. જે એમ.બી.બી.એસ. થઈ ગયા પછી પણ ત્રણ વર્ષ સુધી ભણવું પડે. જેને પી.જી. (પ્રોસ્ટ ગ્રેજ્યુએટની ડીગ્રી) કહે છે. અને એન.બી.બી.એસ. થયા પછી એકલા ફીજીશિયનમાં નહીં પણ બીજી ઘણી બધી બ્રાન્ચમાં પોસ્ટ ગ્રેજ્યુએશન એટલે કે પી.જી. થઈ શકે. જેમ કે, સ્ત્રી રોગના નિષ્ણાંત માટે એમ.ડી.ડી.જી.ઓ. એટલે ગાયનેકોલોજીસ્ટ બહેનોને લગતા બધા જ દર્દોનો ઉપાય કરે છે અને દવા આપે છે. જેમાં નોર્મલ પ્રસુતિ, પ્રસુતિ નોર્મલ ન થાય તો સિજેરીયન અને જો ગર્ભાશયમાં કઈ ખામી હોય તો એનું ઓપરેશન અને સારવાર કરી શકે છે. જોકે, એમાં પણ ઘણી સબ બ્રાન્ચો શરૂ થઈ છે પણ એની ચર્ચા પછી કરીશું. એવી રીતે એમ.એસ. (જનરલ સર્જરી) એટલે કે વાંઢ-કાપના ડૉક્ટર. જે શરીરના કોઈ પણ ભાગમાં ઓપરેશન કરવું હોય તો સહેલાઈથી કરી શકે છે. જેમ કે, એપેન્ડીશ્ક અથવા શરીરના કોઈપણ ભાગમાં સડો થયો હોય અથવા બગડી ગયો હોય તેને કાઢી નાખવાનું અથવા તો સાફ કરવાનું કામ સર્જન કરતા હોય છે. એવી રીતે ચામડીના ડૉક્ટર જે ફક્ત ચામડીને લગતા બધા જ રોગોનું નિદાન કરતા હોય છે. ચામડીના ડૉક્ટર બનવા માટે પણ એમ.બી.બી.એસ. થયા પછી ત્રણ વર્ષ ચામડીનું ભણવું પડે. એવી રીતે આંખના ડૉક્ટર જે પણ એમ.બી.બી.એસ. થયા પછી ત્રણ વર્ષ ભણીને આંખના ડૉક્ટર બનતા હોય છે. જેને એમ.એસ. ઓપથેલ્મો લોજીસ્ટ કહેવામાં આવે છે. જે આંખ તમામ પ્રકારના રોગને જુવે છે, સમજે અને નિદાન કરે છે. ખાસ કરીને કેટરેક એટલે કે મોતીયો અગત્યનો હોય છે. જેમાં પણ હવે ઘણી બધી સબ બ્રાન્ચ એટલે કે સુપર સ્પેશ્યાલિટી અવેલેબલ છે. એવી જ રીતે અગત્યનું કામ હાડકાંના ડૉક્ટર કરતાં હોય છે. જુના જમાનામાં લોકો હાડવૈદ્યને ત્યાં જતાં. હાડવૈદ્ય પાટો બાંધી દેતા. મોટા ભાગના માણસોને સારું થઈ જતું. પણ ખોડ રહી જતી. હવે, ઓપરેશન કરીને પ્લેટ અથવા તો વાયર નાખી હાડકાંને પોતાની અસલ સ્થિતિમાં મૂકે એનું નામ હાડકાંના ડોક્ટર એટલે કે એમ.એસ. ઓર્થોપેડીક જેને ભણવા માટે પણ એમ.બી.બી.એસ. પછી ત્રણ વર્ષ એમ.એસ. ઓર્થોપેડીકમાં ભણવું પડે. ટૂંકમાં કહેવાનું એ છે કે શરીરના દરેક અવયવો માટે ડૉક્ટરો અવેલેબલ છે. ચામડીના રોગ માટે એટલે કે પ્લાસ્ટીક સર્જરી, જે લોકો પ્લાસ્ટીક સર્જરી કરી શરીરના સળગી ગયેલા કે કપાઈ ગયેલા ભાગને ઓરીજનલ કરી આપે છે. આમ તો આ બધી જ બાબતો માટે બધાને ખબર છે કે એમ.બી.બી.એસ. થયા પછી ત્રણ વર્ષ ભણ્યા પછી પોસ્ટ ગ્રેજ્યુએટની ડીગ્રી મળે. આમાં કંઈ હું નવું કહેતો નથી અને તમને ન ખબર હોય એવું પણ નથી. પણ મારે કહેવું એ છે કે શરીરના બધા જ અવયવોના માસ્ટર અને સુપર માસ્ટર અવેલેબલ છે. છતાં પણ હજુ પણ લોકોને મેડીકલ સાયન્સ માટે અસંતોષ કેમ છે. ડૉક્ટરો પોતપોતાની રીતે સરસ કામ કરે છે અને સરસ કામ કરવા માટે એકબીજાની પૂરક બ્રાન્ચનો સહયોગ લઈને દર્દીનું નિદાન કરતા હોય છે. પણ કહેવાની બાબત એ છે કે ફિજીશિયન પોતાના નિદાનને ચોક્કસ કરવા માટે પેથોલોજી અને રેડીયોલોજીનો ઉપયોગ કરતા હોય છે. નિદાન સોળે કળાએ નક્કી થાય પછી જ દવા થતી હોય છે. તો પછી તમને શું શંકા છે ? એમ.બી.બી.એસ. થયા પછી પેથોલોજીસ્ટ અથવા તો રેડીયોલોજીસ્ટ ત્રણ વર્ષે બનાય. એટલે કે બીજી બધી બ્રાન્ચોની જેમ જ આને પણ પોસ્ટ ગ્રેજ્યુએશનવાળી ડીગ્રી કહેવાય. એટલે એ લોકો પણ સારું એવું ભણેલા છે. તો પછી હજુ દર્દીઓને અસંતોષ કેમ છે, અને સારા નિદાન પછી પણ લોકોને તકલીફ કેમ છે. આવા પ્રશ્નો દરેકના મનમાં થાય. જ્યારે

અનુસંધાન પાના નં. ૫ પર

# આયુર્વેદ અને રુદ્રાક્ષના દાનેશ્વરી કર્ણ : હરીશ ઠક્કર (બાપા)



**મોરપીંછના રંગ**

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

'બાપા' એમનું હુલામણું નામ, સાચું નામ હરીશ ઠક્કર, પણ ઓળખાય 'બાપા'ના નામથી. આજની આ દુનિયામાં બાપાનું બાપુજી થયું, અને પછી 'ડેડી' ને ''પપ્પા'' થયું. જેમાંથી છેલ્લે 'પા' થયું. દરેક ઘરમાં આજે બાપા નથી રહ્યા કારણ બાપામાંથી 'બા' નીકળી જાય તો 'પા' જ રહે ને ? 'બાપા' શબ્દમાં જ મા-બાપનો અર્થ આવી જાય છે. 'બા' અને 'પા'.

આપણા જીવનમાં ઘણી વખત એવી વ્યક્તિઓ આવતી હોય છે કે આપણે એને જીવનના અંત સુધી ભૂલી શકતા નથી હોતા. ''બાપા''નું પાત્ર પણ મારા જીવનમાં સાવ અચાનક જ આવ્યું. મુંબઈમાં જ્યારે પહેલી વખત એમને મળવાનું થયું ત્યારે સાવ ધૂની અને જુદા જ પ્રકારના લાગેલા. બાહ્ય રીતે એમની કોઈ ઊંડી છાપ ના પડે એવું એમનું બાહ્ય વ્યક્તિત્વ. પૂ. મોરારિબાપુની સાથે જ એક જ દિવસે તા. ૨૫/૯/૧૯૫૧ ના રોજ જન્મેલા આ બાપાનો ચહેરો એકદમ કરડાકીવાળો. સહેજ વધી ગયેલી સફેદ દાઢી, આંખમાં સંસારભરની વિપત્તિઓને હરાવ્યાનું, સચ્ચાઈનું અને જીવનના અનેક ઝંઝાવાતોમાંથી પસાર થયાનું તેજ દેખાય. ૬૬ વર્ષના હોવા છતાંય ચાલવામાં ૨૦ વર્ષના યુવાનને પાછળ રાખી દે એવી સ્ફૂર્તિ અને ચાલવામાં ઝડપ. પહેલી ઓળખાણમાં કોઈને જીદ્દી લાગે પણ સહેજેય જીદ વિના તેઓ આપણી વિશેષ રીતે સંભાળ લેવાનો તેમનો સ્વભાવ. એમની અભિવ્યક્તિ કદાચ નાટકીય નથી પણ સાહજિક છે. જીવનમાં તમામ વસ્તુઓમાં પરફેક્શનના આગ્રહી. ઘરમાં અને વિચારોમાં એકદમ સ્વચ્છતા. છેલ્લા કેટલાક વર્ષોથી મુંબઈ મુલુંડમાં એકલા રહેતા આ બાપાને ત્રણ સંતાનોમાં એક દીકરી ને બે દીકરા છે. મોટો પુત્ર મુંબઈમાં જ સંગીત ક્ષેત્રે કાર્યરત છે. સ્ટેજ પ્રોગ્રામ આપવા અને સંગીત ક્લાસિસ દ્વારા એ સ્વર, તાલ અને લયની આરાધના કરે છે. જ્યારે નાનો પુત્ર અને પુત્રી બાપાના બિઝનેશની ઓફિસમાં પોતાનો ઓન લાઈન બિઝનેશ ચલાવે છે.

આપણને જાણીને આશ્ચર્ય થશે કે મુંબઈ જેવા મહાનગરમાં પાર્કિંગની સમસ્યાને કારણે આજે અનેક પુત્રો પોતાના મા-બાપને જુના મકાનોમાં છોડીને નવા ફ્લેટોમાં રહેવા જતા રહ્યા છે. જુની ચાલી કે પોળો જેવી ઊંડી સાંકળી ગલીઓમાં નાના નાના મકાનોમાં સાયકલ રાખવાની પણ જગ્યા નથી હોતી. પરંતુ આવા નાના ઘરમાં ઉછરીને—માબાપની મહેનતના પૈસાથી શિક્ષિત થઈને આજની યુવા પેઢી ગાડી તો ખરીદી શકે છે પણ માબાપનું વાત્સલ્ય ગુમાવી દે છે. બાપા મુંબઈની આ સમસ્યાનો ભોગ બન્યા હોવા છતાંય સતત એમના બન્ને પુત્રોને ખુબ જ ચાહતા રહ્યા છે અને સતત પુત્રોની જ વાતો કર્યા કરે છે. એ પિતૃ હૃદયને કોણ સમજી શકશે ?

આ બાપાના બાપદાદાઓ મૂળે કચ્છના. પરંતુ બાપાનો જન્મ મુંબઈમાં થયેલો અને ત્યારથી તેઓ અહીં જ વસ્યા છે. હાલ મસ્જિદ બંદર (વડગાદી) એ ગોડાઉન રાખીને વેરા હાઉસિંગનો બિઝનેશ કરતા આ બાપા અગાઉ નાના મોટા અનેક બિઝનેશ કરી ચૂક્યા છે.થોડો સમય રિક્ષા પણ ચલાવી, ઘડિયાળ રીપેરીંગનો બિઝનેશ સારો ચાલતા હોવા છતાંય છોડવો પડ્યો. એનું કારણ આપતા બાપા કહે છે કે '' માર્કેટમાં ચાઈનાથી ડુપ્લીકેટ સેલ અને ઘડિયાળ આવવા લાગ્યા અને ઘડિયાળના બીજા વેપારીઓએ આ નકલી માલ અપનાવીને ધંધો ચાલું રાખ્યો. અને હું આવું કરી ના શક્યો તેથી મેં ઘડિયાળનો ધંધો મૂકી દીધો '' આમ સત્યને કારણે મુંબઈ જેવા મહાનગરમાં ચાલતો ધંધો છોડવો એ જીવન માટે કેટલું જોખમી છે એ આપણે સૌ જાણીએ છીએ. ત્યાર પછી બાપાએ કાપડનો ધંધો પણ કર્યો. અને કેટલોક સમય તેઓ આ સમાજથી સાવ અલિપ્ત પણ રહ્યા. જીવનની પરિસ્થિતિ દ્વારા નિર્મિત એક એવી ગુમનામ જિંદગીમાં જતું રહેવું અને એમાંથી પાછા ફરવું એ માત્ર આ બાપા જ કરી શકે.

મુંબઈના આખા મુલુંડમાં આ બાપાની આજે એક વિશિષ્ઠ ઓળખ છે. કેમ કે વર્ષોથી તેઓ અહીના લોકોને આયુર્વેદિક સારવાર બિલકુલ વિનામૂલ્યે આપી રહ્યા છે. બાપા પાસે આયુર્વેદની વિશિષ્ટ જાણકારી અને પાયાનું જે જ્ઞાન છે તે જ્ઞાન કદાચ આયુર્વેદના મોટા પંડિતો પાસે પણ નહીં હોય. માત્ર સાત ચોપડી ભણેલા આ બાપા આયુર્વેદિક સારવારમાં પીએચ.ડી કરતા વધુ જ્ઞાન ધરાવે છે. આ ક્ષેત્રમાં ય બાપાનો પ્રવેશ અનોખી રીતે થયો છે. યુવાન વયે તેમને એકવખત હરસની તકલીફ થયેલી. તેથી તે સમયના રાજસ્થાનના બાડમેરના જાણીતા વૈદ્ય નરસિંહ ભગત પાસે હરસની સારવાર કરાવી અને આ રોગ મૂળમાંથી કાઢ્યો. પછી તો આ યુવાન હરીશ ઠક્કરને કાંઈ તકલીફ પડે એટલે વૈદ્યરાજ નરસિંહ ભગત પાસે જાય. અને આ વૈદ્યરાજે આ યુવાન હરીશમાં કંઈક અજીબ શક્તિ જોઈ. નિઃસ્વાર્થતા જોઈ તેથી તેઓએ પોતાનું બધુ જ આયુર્વેદિક જ્ઞાન હરીશને આપ્યું. અને પરિણામ એ આવ્યું કે હરીશ ભાઈ આજે પ્રસિદ્ધ વૈદ્યાચાર્ય બની ગયા.

આ બાપાની સૌથી મોટી ખુબી એ છે કે એમણે ધાર્યુ હોત તો આ વિદ્યાનો ઉપયોગ કરીને તેઓ લાખો રૂપિયા ભેગા કરી શક્યા હોત. પણ આ વિદ્યાનો ઉપયોગ તેઓ આર્થિક ઉપાર્જન માટે નથી કરતા. પથરી જેવા રોગનો આજે કોઈ ઈલાજ નથી પણ આ બાપાએ પથરીની એવી દવા બનાવી છે કે અનેક લોકોને આ પથરીના દુખાવાથી મૂક્ત કર્યા છે. મુલુંડમાં છેલ્લા પાત્રીસેક વર્ષથી બાપાની આ લોકસેવા ચાલું છે. આજે '' ક્રાંતિગ્રુપ '' બનાવીને બાપાએ પોતાની આ વિદ્યા ગ્રુપના તમામ સભ્યોને શીખવી છે. અને આ દરેક સભ્યો પણ દર રવિવારે લોકોને સાવ ફ્રી સારવાર આપે છે. બાપાનું કહેવું છે કે જે રોગની દવા ડોકટર પાસે નથી તે દવા અમે બનાવીએ છીએ. આ સંદર્ભે બાપાએ કહ્યું કે 'ફૂલાવેલી ફટકડી દરરોજ એક એક ગ્રામ સવાર બપોર સાંજ સહેજ ગરમ પાણીમાં ખાવાથી સ્ત્રીઓનો માસિક પ્રોબ્લેમ કાયમ માટે દૂર થઈ જાય છે. પ્રોસ્ટેજના દરદમાં પણ આ દવા કામ આવે છે. આ ફટકડી ૨૧ જેટલા દરદમાં કામ આવે છે. દાંત ગમે તેટલા દુખતા હોય દાંત ઉપર ફટકડી ઘસો તો તરત મટી જાય છે.'

આ બાપાનું બીજું પણ એક ધૂનીપણું સમજવા જેવું છે. ત્રણ ચાર વર્ષ પહેલા કોઈ એક સંત જેવો માણસ બે બોરી ભરીને લગભગ ૨૦૦ કિલો બે મૂખી રૂદ્રાક્ષ લાવેલો. આ બધા રૂદ્રાક્ષ બાપાએ સારી એવી રકમ આપીને ખરીદી લીધેલા. બેમૂખી રૂદ્રાક્ષ બહું ઓછા જોવા મળે છે. ખુબ જ કિંમતી પણ હોય છે. વળી દરેક રૂદ્રાક્ષમાં ગણપતિની મૂર્તિ ઉપસેલી દેખાય એવા આ રૂદ્રાક્ષ પવિત્ર છે. આ બસો કિલો રૂદ્રાક્ષ બાપા છેલ્લા ત્રણ વર્ષથી બધાને સાવ મફતમાં વહેંચી રહ્યા છે. તેઓ ગમે ત્યા જાય, મંદિરમાં, બજારમાં, કોઈ પ્રસંગોમાં, ટ્રેન—બસમાં, રૂદ્રાક્ષ ભરેલી એક થેલી સાથે જ હોય. અને સૌને આપતા રહે. આ બાબતે મેં પૂછ્યું કે '' બાપા, તમે સૌને આ રૂદ્રાક્ષ આપો છો પણ કોઈને એમાં શ્રદ્ધા ના હોય તો ? ફેંકી દે તો 'તો બાપા કહે'નહી ફેંકે, અને ફેકશે તો તે તેની સિદ્ધિ સમૃદ્ધિને ફેંકશે. 'બાપા આજે પણ એ પોતાને રૂદ્રાક્ષ આપનાર વ્યક્તિને શોધે છે. પણ હવે એ ક્યાંથી મળે ?'

આ બાપા માત્ર સાત ચોપડી ભણેલા હોવા છતાંય એક વખત એક મિત્રને મળવા સાવ એકલા 'હોંગકોંગ' ગયેલા. પરંતુ મિત્રના ઘરની

અનુસંધાન પાના નં. ૫ પર

# 'પોલ્યુશન ડ્રેગન' ઓહિયા કરે એ પહેલા જાગો ...!!!



**રજળપાટ**

અજય ઉપાધ્યાય

'વિશ્વના ટોપ ટ્વેંટી પ્રદુષિત શહેરોમાં ભારતના ૧ ૩માથી દિલ્હી સિવાયના ૧ ૨ શહેરો આ રહ્યા :- પટના, ગ્વાલિયર, રાયપુર, લખનૌ, ફિરોઝાબાદ, કાનપુર, અમૃતસર, લુધિયાણા, ખન્ના, આગ્રા, અલ્હાબાદ અને આપણું પોતાનું અમદાવાદ...!!! ' — ૨૦૧૫ ના ડીસેમ્બરમાં આ જ કોલમમાં પ્રદુષણ પર લખેલા લેખનું સમાપન આ વાક્યોથી કરેલું...અને જુઓ આજે લગભગ બે વર્ષની અંદર અંદર જ અમદાવાદ ટોપ-૨૦ ના લીસ્ટમાં પણ ટોપ બનવા જઈ રહ્યું છે...! હરખાવાની જરૂર નથી કેમકે આ ટોપ-૨૦ કોઈ સારી સુવિધાઓવાળા શહેરનું લીસ્ટ નથી પણ કાળમુખા પ્રદુષણથી ગંધાતા શહેરનું લીસ્ટ છે અને અમદાવાદ બહુ ઝડપથી ટોપ તરફ જઈ રહ્યું છે. બેએક વર્ષ પહેલા દિલ્હી આવા જ સમાચારોથી ચમકેલું અને પછી વધુ ચમકેલું ઓડ — ઈવન ફોર્મ્યુલાને લીધે. જો કે દિલ્હીમાં તો દર વર્ષે આ જ હાલત હોય છે પણ શિયાળાની શરૂઆતમાં આનું પ્રમાણ વધુ હોય છે. જો કે એ વખતે આશંકા વ્યક્ત કરાઈ હતી અને જે પાછળથી સાચી પણ પડેલી એ મુજબ ઓડ-ઈવનથી પ્રદુષણની માત્રામાં કોઈ ખાસ નોંધપાત્ર સુધારો થયેલો નહોતો કારણ કે દિલ્હીનું પ્રદુષણ એ કોઈ એક કારણને લીધે નહિ પણ મલ્ટીપલ કારણોને લીધે છે અને રહેવાનું છે એટલે ડીઝલીયા વાહનોને નો એન્ટ્રી અને બાંધકામ સ્થગિત કરવા જેવા ઉપાયો વધુ કારગર નીવડેલા અને દિલ્હીમાં તાજેતરમાં પ્રદુષણનું લેવલ ડેન્જર ઝોનમાંથી બહાર આવેલું. પણ ક્યા સુધી ?!

આ લખાય રહ્યું છે ત્યારે એટલે કે ગુરુવારે અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશને એક હેલ્થ એડવાઈઝરી બહાર પાડીને નાગરિકોને અપીલ કરી છે કે અમદાવાદમાં એર ક્વોલીટી ઈન્ડેક્ષ ૩૧૧ (એટલે કે અતિ ખરાબ) રહેવાની શક્યતા છે જેથી બાળકો, વૃધ્ધો અને ફેફસાં કે શ્વસન સંબંધી રોગો ધરાવતા લોકો બહાર નીકળે નહિ. સીધો અર્થ એ છે કે અમદાવાદની હવા એટલી પ્રદુષિત થઈ ગઈ છે કે એને શ્વાસમાં લેવામાં જીવનું જોખમ છે. અને પ્રદુષણનું આવું ચિંતાજનક સ્તર કાઈ પહેલી વાર નથી આવ્યું, હજુ એકાદ મહિના પહેલા જ દિવાળી પર પણ પ્રદુષણની આવી જ ચિંતાજનક એડવાયઝરી અમદાવાદીઓ માટે બહાર પાડવામાં આવેલી. ત્યારે પણ રેડ એલર્ટ જેવી જ સ્થિતિ બતાવવામાં આવેલી જો કે એ વખતે વધારે ચિંતાજનક વિસ્તાર ડમ્પિંગ સાઈટ પીરાણા અને ચાંદખેડા બતાવેલી પણ આ વખતે આ રેડ એલર્ટ નવરંગપુરા, બોપલ જેવા શહેર મધ્યેના અને હેપનિંગ સ્થળો માટે પણ જારી કરવામાં આવેલ છે એટલું જ નહિ પણ સૌ પ્રથમ વાર ૧૦૦ જેટલી શાળાઓમાં રેડ ફ્લેગ ફરકાવીને વિદ્યાર્થીઓને પણ આ ચિંતાજનક સ્થિતિથી વાકેફ કરવામાં આવશે..! સેડ ના..!

સેડ થાવ કે ના થાવ, વાંક કુદરતનો ઓછો ને આપણો વધારે છે એમાં કોઈ શક નથી જ. અમદાવાદ હોય કે દિલ્હી દેશના લગભગ કોઈ પણ શહેર રહેવા માટે પર્યાવરણની દ્રષ્ટીએ સલામત છે જ નહી. સેટેલાઈટથી લીધેલી દેશની તસ્વીરો બતાવે છે કે લગભગ આખાયે ઉત્તર-પશ્ચિમી ભારત પર ભૂરા રંગનું ધુમ્મસનું કવર છવાયેલું છે અસલમાં એ ધુમ્મસ નથી પણ પ્રદુષિત હવાનું લેયર જ છે જેમાં કોલસા જેવા સળગાવેલા પદાર્થોની કાળાશ અથવા તો રાખ છે, ધુમાડો છે અને ધૂળ પણ છે જેને આપણે શ્વાસમાં લઈ રહ્યા છીએ. એનો અર્થ એ છે કે તમે કોઈ મસુરી કે સીમલા જેવા હિલ સ્ટેશન પર રજાઓનો આનંદ લઈ રહ્યા છો અને એમ સમજો છો કે આપણે મસ્ત, સ્વચ્છ હવા ફેફસામાં ભરી રહ્યા છીએ તો એ તમારો સૌથી મોટો ભ્રમ છે. શહેરોમાં તો સમજ્યા કે તમને દેખાઈ જ આવે છે કે હવા કિતની ખરાબ હૈ...પણ સ્વચ્છ હવા માટે જાણીતા સ્થળો પર પણ ઝેરીલું પ્રદુષણ જાણ્યે-અજાણ્યે તમારા શ્વાસોમાં ભરાતું રહે છે..!

સૌથી મોટું કારણ છે વૃક્ષોનો વિનાશ. જી હા, વિકાસની આંધળી દોટમા આપણે પ્રકૃતિની સૌથી મોટી ભેટ એવા વૃક્ષોનું નીકંદન કાઢવા માંડ્યા છીએ. વૃક્ષો અથવા તો હરિયાળી એ પ્રદુષણને નાથવા માટેનું કુદરતી એન્ટી-બાયોટીક છે પણ સમજે કોણ ? આડેધડ જંગલો કપાય છે, શહેરોમાં વધ્યા-ઘટ્યા વૃક્ષો પણ કોન્ક્રીટના જંગલો બનાવતી વખતે નષ્ટ કરાય છે અને આ તો વર્ષોથી કરતા આવ્યા છીએ, જેની ગંભીર અસરો હવે ચાલુ થઈ ગઈ છે. વુડ્સ હોલ રીસર્ચ સેન્ટરનો રીપોર્ટ કહે છે કે ૧૦૦ અબજ ટન જેટલા પ્રદુષિત કાર્બનને જંગલો રોકી શકે છે. પણ જંગલો-વૃક્ષો-હરિયાળી ક્યા ? ગંભીરતા સમજવા માટે આ એક ઉદાહરણ જ કાફી છે. એક મોટર વર્ષમાં લગભગ ૪.૭ ટન કાર્બન બહાર ઓકે છે અને એક વિકસિત વૃક્ષ વર્ષમાં ૦.૦૨૪ ટન કાર્બન હવામાંથી શોષી શકે છે. ખુદ જ હિસાબ લગાવી લ્યો કે કોન્ક્રીટ અને વાહનોના જંગલોમાંથી નીકળતા કાર્બન દૈત્યને નાથવા કેટલા વૃક્ષોની જરૂર પડે...!

લેટેસ્ટ એડવાયઝરીમા જે સ્થળો નોંધનીય છે એ છે પીરાણા અને રખિયાલ. પીરાણામાં આખાયે અમદાવાદનો કચરો ઠલવાય છે અને સળગાવવામાં આવે છે જેને લીધે એ વિસ્તારમાં હવામાં ઝેરી રજકણોની માત્ર આમેય વધુ હોય છે અને એ માત્ર એ વિસ્તાર પુરતો નહિ પણ હવે ધીરે ધીરે આખાયે અમદાવાદમાં પ્રસરવા માંડ્યો છે. નવરંગપુરા વાહનોની હેવી અવરજવરના પાપે પ્રદુષિત થયું છે તો બોપલ એરિયા બાંધકામ સાઈટોના પ્રતાપે. ભલે આ કારણો હોય પણ પીરાણા ડમ્પિંગ સાઈટ પરથી નીકળતા ઝેરી રઝકણો એક કારણ તો છે જ. હજુ આપણે આ દાનવને હલકામાં લઈ રહ્યા છીએ, ચાર રસ્તે લગાવેલા એલ.ઈ.ડી. સ્ક્રીન પર બતાવાતા એર પોલ્યુશનના આંકડા પર અછડતી નજર નાખીને કાર કે સ્કુટર પર આગળ વધી જઈએ છીએ પણ એ દિવસો દુર નથી કે સ્ક્રીનના

અનુસંધાન પાના નં. ૫ પર